ગાંધીનગર સમાચાર

કે.કે. પટેલ વિદ્યાલય કોલવડા ખાતે જ્ઞાન સપ્તાહની ઉજવણી



# ઘ-૨ પાસે પાટીદાર મહિલાઓનું મિશન 'વેલણ વિદ્રોહ' ફલોપ....!

## મોડી સાંજે ઘ-૨ પાસે પોલીસનું ધાડુ ઉતારી દેવાતા મહિલાઓ થાળી નાદ ન કરી શકી : પોલીસે વિડીયોગ્રાફી શરૂ કરતાં મહિલાઓએ સ્થળ છોડી દીધું

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરનાં ઘ-૨ સર્કલ નજીક અપના બજાર પાસે મોડી સાંજે પાટીદાર મહિલાઓ થાળી-વેલણ લઈને વિરોધ પ્રદર્શન માટે પહોંચી ગઈ હતી. પોલીસને જાણ થતા જ મહિલા પોલીસના કાફલાને ઘ-૨ ઉતારી દઈ ગાંધીનગર એલ.સી.બી., એસ.ઓ.જી. તથા સ્થાનિક પોલીસનું ધાડુ ઉતારી દેવાયું હતું. પોલીસની સક્રિયતાથી પાટીદાર મહિલાઓનું મિશન 'વેલણ વિદ્રોહ' ફલોપ રહ્યું હતું અને વિડિયોગ્રાફી શરૂ કરતાં મહિલાઓએ સ્થળ છોડી દીધું હતું. જો કે બે કલાક સુધી પોલીસને મહિલા પાટીદારોએ કસરત કરાવી હતી.

ગુજરાતભરના સરદાર પટેલ ગ્રુપ દ્વારા એક બેઠક યોજીને ગઈ કાલે વિરોધ પ્રદર્શનના કાર્યક્રમો જાહેર કર્યા હતા. જે અંતર્ગત જાહેર સ્થળો ઉપર મહિલાઓ દ્વારા વેલણ વિદ્રોહનો કાર્યક્રમ પણ ઘડાયો હતો. ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકામાં આ કાર્યક્રમની જાહેરાત કરાઈ હતી. જેમાં ગાંધીનગરના સે-૬ અપનાબજાર પાસે ઘ-૨ સર્કલ નજીક મહિલા પાટીદારો દ્વારા થાળી વેલણ વગાડી વિરોધ પ્રદર્શન કરવાનો કાર્યક્રમ જાહેર થતા પોલીસને ઘ-૨ ખડકી દેવામાં આવી હતી. ગાંધીનગર જિલ્લાની લોકલ ક્રાઈમ બ્રાન્ચ, એસ.ઓ.જી.ની ટીમો ઉપરાંત સ્થાનિક પોલીસનો કાફલો તૈનાત કરી દેવાયો હતો. મહિલાઓનો કાર્યક્રમ હોવાને કારણે મહિલા પોલીસને ઉતારી દેવામાં આવી હતી. પોલીસને જોઈને થાળી-વેલણ લઈને આવેલી મહિલાઓએ ધીરેથી થાળી-વેલણ સંતાડી વાહનોમાં પાછા મુકી દીધા હતાં. વિરોધ પ્રદર્શન યોજાય તે પહેલા જ પોલીસે સક્રિયતા દાખવીને સ્થળ પર પહોંચી વિડીયોગ્રાફી શરુ કરી દેતા પાટીદાર મહિલાઓનું આ મિશન 'વેલણ વિદ્રોહ' ફલોપ ગયો હતો. પોલીસનું ધાડુ ઉતારી દેતા મહિલાઓ થાળી વેલણ વડે વિરોધ કરી શકી ન હતી અને આખરે વિરોધ પ્રદર્શન કર્યા વિના જ મહિલાઓએ સ્થળ છોડી દીધું હતું.



## @ગાંધીનગર

● સે-૧૬ બ્રહ્મસમાજ ભવન ખાતે રાત્રે ૮-૦૦ કલાકે લાફટર ચેલેન્જ ટીમના અરવિંદ શુકલ ગમ્મત ગુલાલ ટીમના અતુલ મહીડા અને ધવન સોની દ્વારા હાસ્ય દરબારનો કાર્યક્રમ યોજાશે.

● સે-૬ ભુવનેશ્વર મહાદેવ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે ઝી-ટીવી તથા કલર્સ ટીવીના પ્રખ્યાત કલાકારો દ્વારા નાટકનો કાર્યક્રમ યોજાશે.

● સે-૨૨ રંગમંચ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે અમદાવાદની સુપ્રસિદ્ધ રિધમ ઓરકેસ્ટ્રા દ્વારા હિન્દી ફિલ્મી ગીત-સંગીતનો કાર્યક્રમ યોજાશે.

● સે-૨ ગણેશચોક ખાતે રાત્રે ૯.૦૦ કલાકે હાસ્ય દરબારનો કાર્યક્રમ યોજાશે.

● સે-૩-ડી ગણેશ મહોત્સવ ખાતે રાત્રે ૯.૦૦ કલાકે જીતેન્દ્ર ઠકકર તથા સાથી કલાકારોનો મિમીક્રીનો કાર્યક્રમ યોજાશે.

● સે-૩-એ વગડાવાળી માતાજીના મંદિર ખાતે રાત્રે ૯.૦૦ કલાકે ગરબાનો કાર્યક્રમ યોજાશે.

● સે-૧૬ બ્રહ્મભવન ખાતે બપોરે ૨.૩૦ થી ૫.૩૦ કલાક દરમિયાન દર્શનાબેન ઉપાધ્યાયના મધુર કંઠે આનંદનો ગરબો યોજાશે.

● ગણપતિ સાર્વજનિક મહોત્સવ, પ્લોટ નં. ૧૩૭૯/૧, સે-૨-બી ખાતે આનંદનો ગરબો રાત્રે ૮.૦૦ કલાકે યોજાશે.

● અડાલજની હજરત બાલાપીર દરગાહ ખાતે સાંજે ૭.૦૦ કલાકે ઉર્સ મુબારકનો કાર્યક્રમ યોજાશે.

● સે-૨૩ ખીમજી વિશ્રામ ખાતે ગુજરાત રાજય ઓપ્થલ્મીક આસીસ્ટન્ટ એસોસિએશન દ્વારા આજથી બે દિવસીય સેમિનાર યોજાશે.

- નજાહખાનમ સૈયદ




ભુવનેશ્વરી યુવક મંડળ અને સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા દ્વારા ભુવનેશ્વરી મંદિર, સૅક્ટર-૬ ખાતે ગુરુવારે ગણેશ મહોત્સવનો દબદબાભેર આરંભ કરવામાં આવ્યો હતો. પ્રથમ દિવસે જાણીતા ભજન સમ્રાટ પરેશ વાડિયા અને ભોળભાઈ આહીરના રંગ કસુંબલ ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં ભકતો ઉપસ્થિત રહ્યાં હતાં. (તસવીર : કશ્યપ નિમાવત)

## દહેગામથી ગાંધીનગરની પાટીદાર રેલી મગોડી પાસે રોકી દેવાઈ

### જિલ્લા કલેકટરે મગોડી જઈને આવેદનપત્ર સ્વિકાર્યું : કનીપુર દહેગામનાં પિતા પુત્રના મૃત્યુ પ્રકરણની ન્યાયીક તપાસ માટે આવેદન અપાયુ

ગાંધીનગર, તા.૧૮

પાટીદાર મહારેલી દરમિયાન થયેલા તોફાનમાં દહેગામના કનીપુર ગામના પાટીદાર પિતા પુત્રનું મૃત્યુ થયું હતું. આ પ્રકરણમાં ન્યાયીક તપાસ માટે દહેગામથી ગાંધીનગર સુધીની પદયાત્રા નિકાળી પાટીદારોએ રેલી કાઢી હતી.આ રેલીને મગોડી પાસે જ રોકી દેવામાં આવી હતી અને જિલ્લા કલેકટરે મગોડી જઈ આવેદન પત્ર સ્વિકાર્યું હતું.

૨૫ ઓગષ્ટે પાટીદાર મહારેલી બાદ અમદાવાદમાં થયેલા તોફાનો દરમિયાન દહેગામ તાલુકાના કનીપુર ગામના પિતા પુત્ર ગિરીશભાઈ પટેલ અને સિદ્ધાર્થ પટેલનું મૃત્યુ થયું હતું. રામોલ પોલીસ સ્ટેશનમાં આ સંદર્ભે ગુનો દાખલ થયો છે. પોલીસે નોંધેલ ફરીયાદમાં અનેક વિસંગતતા હોવાનું માની આ ફરિયાદ પોલીસે પોતાને બચાવવા માટે ખોટી નોંધી છે તેમ પાટીદારોનું કહેવું છે. પિતા પુત્રના મૃત્યુ અંગે ન્યાયીક તપાસ કરી જવાબદારો સામે કાર્યવાહી કરવાની માંગણી સાથે આજે દહેગામ તાલુકા પાટીદાર સમાજ દ્વારા દહેગામથી ગાંધીનગરથી રેલી નીકાળવામાં આવી હતી સવારે શરૂ થયેલી આ રેલીને મગોડી રોકી દેવામાં આવી હતી અને જિલ્લા કલેકટરે ખુદ મગોડી જઈને પાટીદારોનું આવેનદપત્ર સ્વિકારી લીધું હતું.

## વાતવાતમાં

● શહેરમાં ગણેશોત્સવની ઉજવણી અંતર્ગત સેકટરોમાં ભવ્ય કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવી રહ્યું છે ત્યારે નગરના સ્થાનિક નેતાઓ પણ કાર્યક્રમમાં હાજરી આપવામાં વ્યસ્ત બની ગયા છે.

● શહેરમાં લાંબા સમયના અંતે મેઘરાજાએ ડોકીયુ કરતા ગરમીથી ત્રસ્ત નગરજનો ગેલમાં આવી ગયા હતા. જયારે ગણેશોત્સવના આયોજકોમાં ચિંતાનુ મોજુ પ્રવર્તયુ છે.

● વરસાદી પાણી ટપકતા જ ચ- ૩ પાસે સાંજના સમયે એક બાઈક ચાલક સ્લીપ થતા તેને શરીરના ભાગે ઈજાઓ થઈ હતી.

● સે- ૧૬ રંગમંચ ખાતે બ્રહ્મસમાજ યુવા પાંખ દ્વારા આયોજિત ગણેશોત્સવમાં મેન્ટલી ચેલેન્જ બાળકો દ્વારા બનાવાયેલી કલાત્મક ચીજ વસ્તુઓનુ પ્રદર્શન પણ યોજવામાં આવ્યુ છે.

● સ્વર્ણિમ પાર્કમાં વોટર બોડીની સફાઈ હાથ ધરવામાંઆવતા વોટર શો બંધ રાખવામાં આવ્યો છે.

● એસ ટી ડેપોમાં મુસાફરો માટે મુકાયેલ એલ ઈ ડી ટી વી અને વજન કાંટો લાંબા સમયથી બંધ હાલતમાં છે.

● સેકટર -૭ માં રહેણાંક વિસ્તાર પાસે આંતરિક માર્ગ પર રીક્ષા શીખી રહેલા યુવાને એક મહીલાના પગમાં રીક્ષા ઘુસાડી દેતા મહીલાને શરીરના ભાગે ઈજાઓ થવા પામી હતી.

- સમીર રામી
૯૯૨૪૪૪૬૬૪૫

# કે.કે. પટેલ વિદ્યાલય કોલવડા ખાતે જ્ઞાન સપ્તાહની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર નજીક આવેલ કોલવડા ગામની કે. કે. પટેલ વિદ્યાલય ખાતે 'જ્ઞાન સપ્તાહ' અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્વચ્છતા અભિયાન, રંગોળી સ્પર્ધા, દેશભક્તિના ગીતો સહિતના અનેક કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને આશ્વાસન ઈનામ આપી પ્રોત્સાહક કરવામાં આવ્યા હતા.

રાજયભરમાં રાજય સરકારના આદેશ અનુસાર માધ્યમિક, પ્રાથમિક શાળાઓમાં જ્ઞાન સપ્તાહની ઉજવણી અંતર્ગત ગત તા. ૮ થી ૧૫ સપ્ટેમ્બરના રોજ વિવિધ કાર્યક્રમોની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત શાળાના વર્ગખંડો તેમજ મેદાનની સફાઈ કરવામાં આવી હતી. શાળા સંકુલને શુસોભન વર્ગખંડોમાં શુસોભન તેમજ રંગોળી હરિફાઈ સ્પર્ધા યોજાઈ હતી. દેશભક્તિ ગીતો, નિબંધ લેખન, વકતૃત્વ સ્પર્ધા, શિક્ષકદિન, વ્યસનમુક્તિમાં પ્લેકાર્ડ, સૂત્રોચ્ચાર કરી શાળાના વિદ્યાર્થીઓએ ગામમાં ફરી જાગૃતિ લાવાવનો પ્રયાસ કર્યો હતો. જ્યારે ગુરુવંદના કાર્યક્રમમાં પ્રાથમિક શાળાના બિલ્ડીંગના દાતા અર્જુનસિંહ વાઘેલાએ વિદ્યાર્થીઓએ 'ગુરૂકોણ', 'સાચા' ગુરૂની શી જરૂર, ગુરૂ એટલે સચ્ચાઈનો માર્ગ દેખાડનાર અને બાળકોની પ્રગતિ વિકાસ કરાવનાર સંત તેમ જણાવ્યું હતું. કાર્યક્રમમાં ભાગ સાથે દેખાવ કરનાર ૪૦ વિદ્યાર્થીઓએને ઈનામ આપી પ્રોત્સાહિત કરાયા હતા. આ પ્રસંગે શાળાના આચાર્યા ભાવનાબા એ. વાઘેલા, શાળાના પૂર્વ આચાર્ય અર્જુનસિંહ વાઘેલા, પૂર્વ આચાર્ય રતનસિંહ વાઘેલા, રામાભાઈ દેસાઈ, ચિનુભાઈ પટેલ, ગીરીશભાઈ પટેલ, નારાયણભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને ગ્રામજનો હાજર રહ્યા હતા.





રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલનાં ભૂલકાઓએ સૅક્ટર-૬ ખાતે આયોજિત ગણેશ મહોત્સવની મુલાકાત લઈ ગણપતિનાં દર્શનનો લ્હાવો લીધો હતો. (તસવીર : કશ્યપ નિમાવત)

## આજે ભારતીય કિસાન સંઘ દ્વારા બલરામ જયંતિ ઉજવાશે

ગાંધીનગર, તા.૧૮

આ જગતમાં સૃષ્ટિનો ઉદભવ થયા પછી ખેતી કરવા માટેનો અભિગમ ભગવાન બલરામે આપ્યો હતો. તેઓ જગતના કિસાનોને પ્રેરણા રૂપ બન્યા હતા અને કિસાનોને ખેતી કરવાનું સૂત્ર આપ્યું હતું. 'ખેતી કરો અને સુખી રહો' જેથી કિસાનોએ તેમને આરાધ્ય દેવ તરીકે બિરાજમાન કર્યા. ભારતીય કિસાન સંઘ ગુજરાત પ્રદેશ દ્વારા ભગવાન બલરામની જન્મ જયંતિની ઉજવણી નિમિત્તે ગુજરાતનાં ગામડાઓ અને તાલુકા અને જિલ્લા સેન્ટરે વિવિધ કાર્યક્રમ કરી બલરામ જયંતિ ઉજવે છે. આ કાર્યક્રમ ભાદરવા સુદ છઠના રોજ ૧૨ કલાકે ઉજવાય છે.

બલરામ મંદિર પરિસર દ્વારા ગાંધીનગર ખાતે આ વર્ષે પણ ૧૯મી સપ્ટેમ્બર રવિવારે ૯ કલાકે ભજન કિર્તન અને સત્સંગ કરવામાં આવશે તેમજ ૧૨ કલાકે પ્રતિક સ્વરૂપ ભગવાન બલરામની આરતી પૂજન કરી કાર્ય પૂર્ણ કરવામાં આવશે.

ગાંધીનગર સે-૧૨-ડી સ્થિત ભારતીય કિસાનસંઘ ગુજરાત પ્રદેશ બલરામ મંદિર પરિસર ખાતે બલરામ જયંતિ ઉજવાશે.



સૅક્ટર-૨ સી યુવક મંડળ સંચાલિત શ્રી ગણેશ મહોત્સવ આયોજિત ગણેશ મહોત્સવ અંતર્ગત સાંસ્કૃતિક કાર્યક્રમના પ્રથમ ચરણમાં ગુરુવારે રાત્રે નગરના નાટ્યકાર કુંતલ નિમાવત લિખિત-દિગ્દર્શિત સામાજિક નાટક 'માત-પિતાને વંદન' રજૂ થયું હતું. મોટી સંખ્યામાં ઉપસ્થિત પ્રેક્ષકોએ નાટકને ખૂબ માણ્યું હતું. (તસવીર : કશ્યપ નિમાવત)

## કયુ.ડી.સી. કક્ષાની નિબંધ સ્પર્ધામાં સેકટર-૧૩ની વિદ્યાર્થીની ઝળકી

ગાંધીનગર, તા.૧૮

સે-૧૩ સ્થિત તક્ષશિલા કેળવણી મંડળ સંચાલિત તક્ષશિલા માધ્યમિક વિદ્યાલય ખાતે અભ્યાસ કરતી ધોરણ-૧૦ની વિદ્યાર્થીની પવાર માનસીએ કયુ.ડી.સી. કક્ષાએ ડૉ. બાબાસાહેબ આંબેડકર નિબંધ સ્પર્ધામાં ભાગ લઈ બીજો ક્રમાંક પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું છે. માધ્યમિક વિદ્યાલયના શ્રીમતી બકુલાબેન ઠાકરના માર્ગદર્શન હેઠળ કયુ.ડી.સી. કક્ષાએ ડૉ. બાબાસાહેબ આંબેડકર નિબંધ સ્પર્ધામાં ભાગ લીધો હતો. સમગ્ર કેળવણી મંડળ દ્વારા અભિનંદન પાઠવ્યા હતા.

## ઉત્સવ સમિતિ દ્વારા વર્ષ દરમિયાનના ઉત્સવો માટે હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરના સે-૮ સ્થિત એકતા ચોકમાં ઉત્સવ સમિતિ દ્વારા તા. ૧૭ સપ્ટેમ્બરના રોજ બેઠક યોજાઈ હતી. જેમાં આગામી નવરાત્રી મહોત્સવ તથા વર્ષ દરમિયાનના ઉત્સવો માટે નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. પ્રમુખ પદે વિરેન્દ્ર જાદવ અને ઉપપ્રમુખ પદે જશપાલસિંહ ડાભી અને સંજયભાઈ રાવલની વરણી થઈ હતી. મહામંત્રી પદે પુરુષોત્તમદાસ સોલંકી, સંગઠન મંત્રી પ્રણવભાઈ ઠાકર અને સહમંત્રી અંબારામ વણકર અને ઘનશ્યામભાઈ આચાર્યની વરણી કરવામાં આવી હતી.

કારોબારી સમિતિમાં મુકેશભાઈ પરમાર, દિનેશભાઈ જાદવ, કલ્પેશભાઈ મકવાણા, મુકેશભાઈ ચૌહાણ, ચીમનભાઈ મકવાણા, હિદાયતુલ્લાખાન પઠાણ, દશરથભાઈ દરજી, રમેશભાઈ પટેલ, અશ્વિનભાઈ અમીન અને વિકેષભાઈ રાવલની વરણી કરવામાં આવી હતી.

સલાહકાર સમિતિમાં ભગવતીપ્રસાદ બારોટ, બાબુભાઈ રોહિત, રમેશભાઈ જોષી, કાન્તિલાલ વણકર, ભગવાનભાઈ પટેલ, ગીરીશભાઈ પરમાર અને નાનાલાલ મહેતાની વરણી કરવામાં આવી હતી.

# હરિદ્વાર ખાતે ૩૬૬ આત્માઓના અસ્થિ વિસર્જન સંપન્ન : વસાહત મહામંડળ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરમાં અવસાન પામી અંતિમ સંસ્કાર થયા છે તેવા સ્વજનોના હરિદ્વાર હરકી પોઢી ખાતે શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે અસ્થિ વિસર્જન કરવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેર વસાહત મંડળ દ્વારા અસ્થિ વિસર્જનનું સેવા કાર્ય કરવામાં આવે છે. શહેરના અંતિમ ધામ ખાતે અસ્થિકુંભ રાખવામાં આવ્યો છે. જેમાં હરિદ્વાર જઈ ન શકતા હોય તેવા નગરજનો પોતાના સ્વજનોની અસ્થિ આ કુંભમાં રાખે છે. દર ત્રણ માસે વસાહત મંડળના સેવાભાવી શ્રધ્ધાળુઓ હરદ્વાર હરકી પોઢી ખાતે જઈ ધાર્મિક વિધિ અનુસાર અસ્થિ વિસર્જન કરે છે.



સપ્ટેમ્બરના રોજ ગયેલ અસ્થિ કુંભમાં ૩૬૬ આત્માઓના અસ્થિ વિસર્જન કરવામાં આવ્યા છે. વસાહત મંડળ દ્વારા ૧૯૯૬ થી શરૂ કરેલી આ સેવામાં અત્યાર સુધી ૨૯૭૭૮ આત્માઓના અસ્થિ વિસર્જન કરવામાં આવ્યા છે. ૧૪ સપ્ટેમ્બરના રોજ શશીકાંતાભાઈ મોઢા અસ્થિકુંભ લઈ ગયા હતા અને વિસર્જનની વિધિ સંપન્ન કરી છે. આગામી સપ્ટેમ્બર માસમાં અસ્થિકુંભ ઉલ્લાસ વોરા અને સાથી મિત્રો લઈ જશે અને અસ્થિ વિસર્જન કરશે. આ સેવાભાવી યજ્ઞમાં અરુણભાઈ બુચ, શશીકાંત મોઢા, નિલેન્દુ વોરા, ઉદય ત્રિવેદી, કરસન પરમાર, ઉલ્લાસ વોરા, સેવાભાવી સેવકો સેવા આપે છે.

## જે.બી. પ્રાથમિક શાળામાં ઓઝોન દિન ઉજવાયો

ગાંધીનગર, તા.૧૮

સેકટર-૨૩ સ્થિત જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક વિદ્યાલય ખાતે ઓઝોન દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પ્રશ્નોત્તરીની ખુલ્લી સ્પર્ધા, પોસ્ટર પ્રદર્શન, સ્લોગન લખવાની હરિફાઈ, વકતૃત્વ સ્પર્ધાઓ યોજાઈ હતી. વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર હરિફાઈમાં ભાગ લીધો હતો. વિજેતા બનનાર વિદ્યાર્થીઓને આચાર્ય નીવાબેન પટેલે અભિનંદન પાઠવ્યા હતા તેમજ ઉષાબેન પટેલ, નયનાબેન પટેલ, આનંદીબેન પટેલ, જયભાઈ પંડિત દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ તેજસ્વી તારલાઓનું સન્માન કરશે

શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ દ્વારા આગામી તા. ૨૨ ઓકટોબરના રોજ લેકાવાડા ગામે આવેલ રોયલ રેસીડન્સી ખાતે વિજયા દશમીના મહોત્સવ પ્રસંગે સમાજના તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવશે. સમાજના ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓએ તા. ૧૧ ઓકટોબર સુધીમાં માર્કશીટ તેમજ ફોર્મ કાર્યાલય ખાતે જમા કરાવવાનું રહેશે.

# સે. ૨૭ ગાયત્રી સોસાયટીના માર્ગનો પ્રશ્ન યથાવત

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરના સેકટર-૨૭ ખાતે ગાયત્રી સોસાયટી આવેલી છે. જયાં સોસાયટીનો રસ્તો પણ નથી. અને ગેટ પણ નથી. રસ્તા જેવી પાયાની સુવીધા માટે સોસાયટીના રહિશોએ ઘણીવાર ઉચ્ચકક્ષાએ રજુઆત કરી છે. પરંતુ હજુ સુધી કોઈ નીવેડો આવ્યો નથી. તેમ સોસાયટીના રહીશો જણાવી રહ્યા છે.

ગાંધીનગરના સૌથી જુના સેકટર-૨૭ ખાતે આવેલી ગાયત્રી નગર સોસાયટી સૌથી જુની છે. એલ.આઈ.જી.કક્ષાના ૩૦૪ મકાનો આવેલા છે. જેમાં લોકો પરિવાર સાથે વસવાટ કરે છે. દાયકાઓ જુની સોસાયટીમાં જવા આવવા માટે ૨૫૦ મીટરનો પહોળો માર્ગ છે.પરંતુ હજુ સુધી ડામરનો માર્ગ બનવા પામ્યો નથી. ચોમાસાની સિઝનમાં અહીં વસવાટ કરતા લોકોની હાલત કફોડી બનવા પામે છે. અંબાજી માતાના ચોકમાં એક એક ફુટ જેટલું પાણી ભરાય છે. કાચા રસ્તાને કારણે અનેક વાર લોકોના સાધનો ફસાઈ જવાના બનાવ બને છે. વર્ષો અગાઉ પાટનગર યોજના વિભાગના અધિકારી સ્થળ તપાસ કરી ગયા હતા. પરંતુ હજુ સુધી કોઈ નીવેડો આવ્યો નથી. માર્ગ અને એન્ટ્રી ગેટ માટે સોસાયટીના રહિશો દ્વારા ધારાસભ્ય, કોર્પોરેટર સહિતના ચુંટાયેલા પ્રતિનિધીને પણ રજુઆત કરી છે. પરંતુ પ્રતિનિધીઓ દ્વારા ઓરમાયુ વર્તન રાખતા હોય તેમ લાગી રહ્યું છે તેમ સોસાયટીના રહીશો કહી રહ્યા છે. તેમજ તેઓ એકબીજા પર દોષારોપણ કરે છે. ભાજપનો ગઢ ગણાતા સેકટર-૨૭ માં પ્રાથમિક સમસ્યાનું નિરાકરણ આવતું નથી. આગામી સમયમાં સ્થાનીક સ્વરાજયની ચુંટણી આવે છે. જો એન્ટ્રી ગેટ તેમજ રસ્તાનું સોલ્યુશન નહિ આવે તો ચુંટણીનો બહીષ્કાર કરશે તેવી રહીશોએ ચિમકી ઉચ્ચારી છે.

## ચિરવિદાય

- સ્વ. શાંતાબેન ભૂલાભાઈ પટેલ, ઉ.વ. ૭૨
- સ્વ. મંગુબેન વિષ્ણુજી ઠાકોર, ઉ.વ. ૩૮
- સ્વ. બીજોલભાઈ સોમાભાઈ રબારી, ઉ.વ.૭૫
- સ્વ. હસુમતીબેન દશરથલાલ કંસારા, ઉ.વ. ૭૮